| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | :: | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | :: | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૮ |

---

**આણંદ જિલ્લાના એડી.સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ.ખંભાત.**

---

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૩૪/૨૦૨૬**
**આંક:-**

**અરજદાર:-** **પરેશભાઈ વસંતભાઈ ઝાલા મકવાણા,**
**ઉ.વ. ૨૩, ધંધો. મજુરી,**
**રહે. જોગણીમાતા મંદિર પાસે, મોસમ ફળીયુ,**
**શકરપુર.**
**તા. ખંભાત, જી. આણંદ.**

*//વિરૂધ્ધ//*

**સામાવાળા:-** **સરકાર શ્રી**

**બાબત:-** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૩ મુજબ જામીન મેળવવાની અરજી..**

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી જે.એચ.રબારી
સામાવાળા તરફે વિધ્વાન પી.પી.શ્રી જે.એસ.ગઢવી

---

**-: ઠ રા વ :-**

**(૧)** આ કામના અરજદારે હાલની જામીન અરજી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

(૨) આ કામના અરજદાર સામે **ખંભાત સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૫૦૧૨૨૬૦૨૬૫/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહીતાની કમલ– ૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરવામા આવેલ છે અને સદર કામે આરોપીઓને અટક કરી **તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ જયુડીશીયલ કસ્ટડીમા** મોકલવામા આવેલ છે.જેથી હાલની જામીન અરજી અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

(૩) આ કામે સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામા આવેલ તેઓ તરફે તપાસ કરનાર અધિકારીનુ આંક–૦૪ થી સોગંદનામુ રજુ રાખેલ છે.

આ કામના અરજદાર તરફે એવી રજુઆત છે કે, તેઓની સામે ફરીયાદપક્ષનો આક્ષેપ એવો છે કે, ફરીયાદી તેમના મિત્રના લગ્નના વરઘોડામા ગયેલ તે વખતે વરઘોડામા નાચતી વખતે ફરીયાદીના હાથની કોણી આ કામના આરોપી ઉમેશભાઈને વાગી ગયેલ જેથી આરોપીઓએ તેમની સાથે બોલાચાલી જઘડો કરેલ અને તે બાબતનુ સમાધાન કરવા ફરીયાદી તથા તેમના મમ્મી પપ્પા આરોપીના ઘરે ગયેલા ત્યારે આરોપી પરેશભાઈ ઉશ્કેરાઈ જઈ નજીક માંથી દંડો લઈ આવી ફરીયાદીના પપ્પાને માથાના ભાગે બે ત્રણ ફટકા મારેલા અને ફરીયાદીના મમ્મી છોડાવવા વચ્ચે પડતા તેમને પણ લાકડી થી કચ્ચર માર મારેલ. આમ તમામ આરોપીઓએ ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

ગુનો કરેલાનો આક્ષેપ છે. આ કામના વિ.વકીલ શ્રી જે.એચ.રબારી તેઓ મોખીક રજુઆત કરી જણાવે છે કે, આ કામના અરજદાર આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અને તદન નિદોર્ષ વ્યકિત છે. તેમજ અરજદાર કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. આ કામનો બનાવ ફરીયાદી આરોપીના ઘરે ગયેલ અને તે રીતે બનેલ છે. સદર ગુનાના કામે આરોપી નં. ૨,૩,૪ નાઓને ક્રિ.પ.અ.નં.૧૨૨/૨૦૨૬ ના કામે જામીન પર મુકત કરવાનો હુકમ આ અદાલત દવારા કરવામા આવેલ છે.તેમજ ઈજાપામનારને તા. ૨૯/૦૫/૨૦૨૬ ના રોજ હોસ્પીટલ માંથી ડીસ્ચાર્જ કરવામા આવેલ છે. તેમજ અરજદારના વિ.વકીલશ્રી વધુમા દલીલ કરી જણાવે છે કે, અરજદાર ઉપર જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે નાસીભાગી જાય તેવા ઈસ્મ નથી. તેમજ નામ. કોર્ટ જે શરતો ફરમાવે તે પાળવા ખુશી હોવાનુ જણાવે છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે એપીપીશ્રી જે.એસ.ગઢવી તેમની રજુઆતમા એવુ જણાવે છે કે,આ કામે તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણેલીધુ. અરજદારનો રોલ ધ્યાને લેવામા આવે તો મુખ્ય આરોપી છે. સદર કામના અરજદારે ફરીયાદીને માથામા લાકડીથી બે ત્રણ ફટકા મારેલા અને ફરીયાદીની પત્નીને પણ ઈજા કરેલ છે. તેમજ બંને શકકરપુરના રહેવાસી છે અને સદર ગુનાનુ ચાર્જશીટ થયેલ નથી અને હાલ ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમા આ કામના અરજદારને વિશેષમા પેરીટીનો લાભ મળવા પાત્ર નથી.

(૫) આ કામે અરજદારના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો તથા સામાવાળા ફરીયાદપક્ષના વિ.સરકારી વકીલશ્રી જે.એસ.ગઢવીની મૌખિક દલીલો ધ્યાને લેતા અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આ અદાલતે ધ્યાને લીધેલા છે.

(પ.૧) ફરીયાદ

(પ.૨) અરજદારનો ગુનામા ભજવેલ રોલ

(પ.૩) ઈજાપામનારને હોસ્પીટલ માંથી ડિસ્ચાર્જ કરી દેવામા આવેલ છે

(પ.૪) સજાની જોગવાઈ

(પ.૫) **નામદાર સુપ્રિમ કોર્ટે સત્યેન્દ્ર અન્ટીલ V/S સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન અને બીજાઓ(૨૦૨૨) ૧૦ SCC ૫૧ માં ઠરાવેલ સિધ્ધાંતો.**

(૬) આમ ઉપરોકત મુદાઓ ધ્યાને લેતા આ અદાલતે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ મળેલ વિવેકાધીન સતાનો ઉપયોગ કરી અરજદારના લાભમા કરવાનુ વાજબી, ન્યાયી અને ઉચીત જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–: હુ ક મ :–**

(૧) અરજદાર/આરોપી **પરેશભાઈ વસંતભાઈ ઝાલા મકવાણા, રહે. જોગણીમાતા મંદિર પાસે, મોસમ ફળીયુ, શકરપુર તા. ખંભાત, જી. આણંદ** ની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના જાતજામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા ટ્રાયલ કોર્ટમાં આપ્યેથી ખંભાત સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.**૧૧૨૧૫૦૧૨૨૬૦૨૬૫/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહીતાની કમલ– ૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩),**

**૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબના

કામે નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાને તોડવા ફોડવા કે ચેડા કરવા નહીં.

(૩) અરજદાર/આરોપીએ મહે. ટ્રાયલ કોર્ટ સમક્ષ ન્યાયીક કાર્યવાહી દરમિયાન નિયમીત હાજર રહે.

(૪) અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં જામીન મુકત કરતી વખતે પોતાનુ રહેવાનુ કાયમી સરનામુ રજુ કરવુ અને તે અંગેનો પુરાવો રજુ કરવો અને નીચેની કોર્ટની પુર્વ પરવાનગી વિના પોતાનું કાયમી રહેઠાણ બદલવુ નહી.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન બિનચુક હાજર રહેવું.

(૩) આ હુકમની જાણ મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટને યોગ્ય થવા સારુ કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૭મી માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
ખંભાત.

(પી.એચ.શર્મા)
ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીકટ જજ
અને સ્પે જજ પોકસો, ખંભાત.
**યુનિક કોડ નં.જીજે૦૦૭૦૧**